એક નવા ભવિષ્ય તરફ નજર ...
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ
# દૂધસાગર પત્રિકા
Amul The Taste of India
Dudhsagar The Pride of India
અંક - ૦૬ | ડિસેમ્બર - ૨૦૨૧
www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# આંગણે અજવાસનાં પગલાઓ થયા



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

જાહેર જીવનમાં પોતાના પ્રતિનીધી કે આગેવાનના વ્યક્તિત્વમાંથી જ્યારે સજ્જનતા અને પવિત્રતાની સુગંધ આવે છે ત્યારે લોકચાહનાનો એક વિશાળ વર્ગ સ્વયંભૂ તૈયાર થતો હોય છે. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલા મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના સાડા છ લાખ પશુપાલકોનું પ્રતિનીધીત્વ કરતા સંસ્થાના ચેરમેનશ્રી  અશોકભાઈ ચૌધરીએ રાખેલા સ્નેહ મિલન સમારંભમાં પોતાનો સ્નેહ અને ઉર્જા આપવા ત્રણેય જિલ્લામાંથી હજારો પશુપાલકો ઉમટી પડ્યા હતા. પોતાના આગેવાનને નૂતન વર્ષના "રામ-રામ" કરવા ગામડા - ગામનાં પશુપાલકોએ શિસ્તબંધ કતારમાં ઉભા રહી પોતાના પ્રેમ દર્શન કરાવ્યા હતા. આશરે સાડા ત્રણ કલાક સુધી લાગેલી વિશાળ કતારમાં ઉભા રહી સૌએ એક અર્થમાં "દૂધસાગર શક્તિ"સાબિત કરી હતી. પરંપરામાં જ્યારે નિઃસ્વાર્થ પ્રેમ ભળતો હોય છે ત્યારે સાત હજારથી વધારે લોકો પરસ્પર પોતાની શુભકામનાઓ પાઠવવામાં ગૌરવની લાગણી અનુભવતા હોય છે. સહકાર શબ્દનો ગૂઢાર્થ શોધવા ઘણીવાર કોઈ શોધખોળ કરવાની જરૂર હોતી નથી - ઘણીવાર તસ્વીરો શબ્દો કરતા વધુ પ્રભાવશાળી સાબિત થતી હોય છે.

## પ્રશાસનની લાલ આંખ વચ્ચે

# સાગરદાણનું વેચાણ ઐતિહાસિક સપાટીએ

## ફેક્ટરીઓ ૨૪ કલાક ધમધમી ઉઠી : વેચાણ 26% વધારે



ચાલુ વર્ષની ૧૫ જાન્યુઆરીથી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ના વહિવટના સૂત્રોના આમૂલ પરિવર્તન બાદ આ સંસ્થાના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના સહિયારા પ્રયત્નોથી ૧૧ માસના આ શાસન દરમ્યાન અનેક વિધ ક્ષેત્રે પારદર્શિતા નો પવન ફુંકાયો છે.

દૂધસાગર સંચાલિત સાગરદાણ બનાવતી જગુદણ અને ઉબખલ ફેક્ટરીઓ વર્તમાન સમયે ભૂતકાળમાં ક્યારેય ન બન્યું હોય એમ 24X7 ના ધોરણે ધમધમી રહી છે ! નવા મેનેજમેન્ટ દ્વારા શાસનના પ્રથમ દિવસથી જ સાગરદાણ માટેના રો-મટેરીયલ્સ ની તમામ ખરીદીઓ ઈ-ટેન્ડર અને રીવર્સ ઓક્શન (અવળી હરાજી) દ્વારા કરવામાં આવતી હોવાથી એક સમયે નુકશાન કરતા આ એકમ હાલમાં નફા સાથે પોતાની પૂર્ણ ક્ષમતાથી ધમધમી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ ઉત્તમ ક્વોલિટી ના સાગરદાણ ને કારણે સમગ્ર ગુજરાતમાંથી ઓર્ડર પ્રાપ્ત થવા લાગ્યા છે.

(પ્રથમ પેજનું ચાલુ ) અગાઉના શાસકો દ્વારા સાગરદાણના તમામ રો-મટેરીયલ્સની ખરીદી મન મરજી પ્રમાણે - મનગમતા માણસ પાસેથી - મનગમતા ભાવે કરવામાં આવતી હતી. જેના કારણે સાગરદાણની પડતર ખૂબ ઉંચી જવા પામી હતી. અને તેથી, ઘણા વર્ષો સુધી આ કેટલફીડ ફેક્ટરીઓ ભારે નુકશાન કરી રહી હતી.

**બધા રો-મટેરીયલ્સને FOSS કંપનીના એક અત્યાધુનિક N.I.R મશીન દ્વારા ક્વોલિટી ચેકીંગ કરવામાં આવે છે**

**દરેક રો-મટેરીયલ્સની ક્વોલિટી ચેક કરવા એક અભૂતપુર્વ અને અભેદ પધ્ધતિને અમલમાં મુકવામાં આવી છે**

**દૂધસાગર પત્રિકા** સાથે વાત કરતાં જગુદણ સાગરદાણ ફેક્ટરીના વર્તમાન ઈન્ચાર્જ મેનેજર શ્રી. જયંતિભાઈ અને પ્રોડક્શન મેન્ટેનન્સ ઈન્ચાર્જ શ્રી. હર્ષદભાઈ જણાવી રહ્યા છે કે; જગુદણ અને ઉબખલ ખાતે હાલમાં નવીન સેમ્પલ પધ્ધતિ (A થી I) દરેક રો-મટેરીયલ્સની ક્વોલિટી ચેક કરવા એક અભૂતપુર્વ અને અભેદ પધ્ધતિને અમલમાં મુકવામાં આવી છે. આ પધ્ધતિમાં દરરોજ સવારે ૯:૦૦ કલાકે કેમેરાની સમક્ષ કેટલફીડના જવાબદાર અધિકારીઓની હાજરીમાં એક ખાસ પધ્ધતિથી જ ખુલી શકે તેવા બોક્સમાંથી ચિઠ્ઠી ઉપાડવામાં આવે છે. અને એ ચિઠ્ઠીમાં લખાયેલ પધ્ધતિ મુજબ કેટલફીડ ખાતે આવતી તમામ ગાડીઓના રો-મટેરીયલ્સનું સેમ્પલ લેવામાં આવતું હોવાથી માલ આપનાર અને માલ ચેક કરનાર વચ્ચે કોઈ તાલમેલ બેસી શકતો ન હોવાથી ખોટુ થયાને કોઈ અવકાશ રહેતો નથી. આ પધ્ધતિ પ્રમાણે લેવાયેલ બધા રો-મટેરીયલ્સને FOSS કંપનીના એક અત્યાધુનિક N.I.R મશીન દ્વારા ક્વોલિટી ચેકીંગ કરવામાં આવે છે. જેનું રીઝલ્ટ એક મિનીટમાં મળી જતું હોય છે. સાગરદાણ બનાવવા માટે મુખ્યત્વે ; મકાઈ, જુવાર, રાઈસ પોલીશ, ગવાર ભરડો, કોફીડ, ડી.આર.બી., મોલાસીસ, રેપસીડ તથા વિટામીન મિનરલનો ઉપયોગ થાય છે. અને સાગરદાણ ભરવા માટે બારદાણ જેવા મટેરીયલ્સને ઉપયોગમાં લેવામાં આવે છે જેનાથી ગાય-ભેંસ ના શરીરની તંદુરસ્તી સાથે દૂધની ક્વોલિટી અને ક્વોન્ટીટીમાં ફાયદો થાય છે. **દૂધસાગર પત્રિકા** સાથે આગળ વાત કરતાં શ્રી. જયંતિભાઈ જણાવે છે કે; નવીન સેમ્પલ પધ્ધતિ અને નવા N.I.R મશીનના સચોટ પરિક્ષણના પગલે લો-ક્વોલિટીનું રો-મટેરીયલ્સ આબાદ રીતે જડપાઈ જતું હોવાના પરિણામે આ નવેમ્બર માસની ૨૦ તારીખ સુધીમાં જગુદણ કેટલફીડ ખાતે 482 ગાડીઓ તથા ઉબખલ કેટલફીડ ખાતે 306 એમ કુલ મળી 788 ટ્રકો ના મટેરીયલ્સ રદ કરવામાં આવ્યા હોવાથી સપ્લાયરો માં નવીન મેનેજમેન્ટની કડક નજર ની અસર વર્તાવા લાગી છે અને વર્તમાન સમય આ પધ્ધતિ ૧૦૦% સફળ રહી છે.

દૂધસાગરના નવા પ્રશાસન દ્વારા કરવામાં આવતી જાગૃત અને પારદર્શક ખરીદીના કારણે હાલમાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોને પ્રતિ બેગ 1300 રૂપિયાના ભાવે આપવામાં આવી રહી છે. જે અગાઉ કરતાં ૫૦ રૂપિયા સસ્તી હોવા છતાં સંઘને નફો પ્રાપ્ત થઈ રહ્યો છે. અને ગૌરવની વાત તો એ છે કે ; સાગરદાણ નો ભાવ આપણે ગુજરાતમાં 100 રૂપિયા ઓછો લઈ રહ્યા છીએ !!

પારદર્શક વહિવટનું બીજુ સચોટ પરિણામ એ આવ્યું છે કે ; **અગાઉ ના કોન્ટ્રાક્ટરોને તૈયાર થયેલ સાગરદાણ (ફીનીશ દાણ) લઈ જવાનો ભાવ પ્રતિ ટન 560 રૂપિયા હતો. જેમાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ કોન્ટ્રાક્ટરો સાથે સીધી ONE TO ONE બેઠક કરી તેમાં પ્રતિ ટન 160 રૂપિયાનો ઘટાડો કરવાની કવાયત હાથ ધરવામાં આવતાં આજે આ દાણને કોન્ટ્રાક્ટરો 400 રૂપિયા ના ભાવે લઈ જઈ રહ્યા છે. જેના કારણે સંસ્થાને આ ક્ષેત્રમાં સીધે સીધી માસીક 32 લાખ રૂપિયાની બચત થવા પામી રહી છે.** વળી, મેનેજમેન્ટ દ્વારા માલ ખરીદીમાં સતત જાગૃતિ દાખવવામાં આવી રહી છે. સાગરદાણમાં વપરાતા રો-મટેરીયલ્સ પૈકી ના તમામ પદાર્થો જેવા કે ; ॥ **DORB, રેપસીડ, ગવાર ભરડો, મોલાસીસ જેવા સીઝનેબલ મટેરીયલ્સની ખરીદી સીઝનના સમયે સસ્તા ભાવે મોટી ક્વોન્ટિટી (ભારે માત્રા) માં ખરીદી લઈ તેનો સ્ટોક કરી લેવામાં આવે છે. જેના પરિણામે સાગરદાણની પડતર સાચવી રાખવામાં ભારે મદદ મળી રહી છે ॥**




આજ પ્રમાણે સાગરદાણના પેકીંગ માટેના બારદાણની ખરીદીમાં પણ તમામ માપદંડોને શત-પ્રતિશત જાળવી રાખી પારદર્શક ખરીદી કરવામાં આવતી હોવાથી તેની ગુણવત્તા અને ખરીદ ભાવમાં પણ ફાયદો જોવા મળી રહ્યો છે.

હાલમાં, દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્ર સિવાય આપણે રાજસ્થાન, બનાસ ડેરી અને અમૂલ ડેરી ખાતે પણ આપણું સાગરદાણ આપી રહ્યા છીએ. ઉત્તમ ક્વોલીટી અને યોગ્ય ભાવોના કારણે ગુજરાતના અનેક વિસ્તારોમાંથી આપણને સાગરદાણ ખરીદીના રોજ-બરોજ નવા ઓર્ડર પ્રાપ્ત થઈ રહ્યા છે. જગુદણ સાગરદાણ ફેક્ટરીના ઈન્ચાર્જ મેનેજર શ્રી. જયંતિભાઈ ના જણાવ્યા અનુસાર ; હાલમાં, ૨૫૦ કર્મચારીઓ ની મદદથી ૨૪ કલાક આપણી સાગરદાણ ફેક્ટરીઓ ધમધમી રહી છે અને તો પણ સમગ્ર ગુજરાતમાં થી આવતા નવા ઓર્ડર શત-પ્રતિશત પુરા પાડી શકીએ તેવી સ્થિતીમાં નથી. ઓક્ટોમ્બર માસમાં માનેસર ખાતે આપણે ૧૯૬૫ મેટ્રિક ટન સાગરદાણ પહોંચાડ્યું હતું જે ચાલુ નવેમ્બર માસમાં ૨૪૦૦ મેટ્રિક ટન સુધી પહોંચી જવાનો અંદાજ છે. આવી જ રીતે; બનાસ ડેરીને આપણે ગત ઓક્ટોમ્બર માસમાં ૮૯૪ મેટ્રિક ટન દાણ આપી શક્યા હતા જે આ ચાલુ નવેમ્બર મહિનાની ગત ૨૦ તારીખ સુધીમાં ૧૭૪૦ મેટ્રિક ટન માલ આપણે પહોંચાડી શક્યા છીએ. તેજ પ્રમાણે અમૂલ ખાતે ગત મહિનામાં ૧૪૨૫ મેટ્રિક ટન સાગરદાણ આપણે વેચી શક્યા છીએ અને આ નવેમ્બર માસની ૨૦ તારીખ સુધીમાં માત્ર ૩૫૦ મેટ્રિક ટન માલ જ આપી શક્યા છીએ જે તેમની માંગ કરતાં ખૂબ ઓછુ પ્રમાણ કહી શકાય !

એજ રીતે, શ્રી.અશોકભાઈ ચૌધરીના નવા નેતૃત્વ હેઠળ નિયામક મંડળે શાસનના અસ્તિત્વ સમયથી જ બોરીયાવી ખાતે ભંગારની હાલતમાં પડી રહેલા મશીનોનો સદ ઉપયોગ કરી મકાઈ ભરડાનું ઉત્પાદન શરૂ કરાવ્યું હતું. જેનું ગત ઓક્ટોમ્બર માસમાં ૬૮૪ મેટ્રિક ટન વેચાણ થવા પામ્યું છે. અને નવેમ્બર માસની ૨૦ તારીખ સુધીમાં ૪૦૦ મેટ્રિક ટન થવા પામ્યું છે. તેવી જ રીતે ઉબખલ ખાતે ૩૦૦ મેટ્રિક ટન અને ચાલુ મહિનામાં ૭૦૦ મેટ્રિક ટન વેચાણની સક્યતાઓ જોવાઈ રહી છે.

એક જાગૃત મેનેજમેન્ટનું સચોટ દ્રષ્ટિકોણ સંસ્થા માટે કેટલુ અસરકારક સાબિત થતું હોય છે. તેનું ઉત્તમ ઉદાહરણ અત્યારે જગુદણ અને ઉબખલની સાગરદાણ ફેક્ટરીઓ સાબિત કરી રહી છે. તૈયાર થયેલ સાગરદાણનું બન્ને ફેક્ટરીઓના ઉચ્ચ અધિકારીઓ દર કલાકે સેમ્પલ લઈ N.I.R મશીનમાં એક-એક તત્વને ચેક કરી બજારમાં મોકલી રહ્યા ત્યારે ગત 2020-21 ના વર્ષમાં કુલ 73646.462 મેટ્રિક ટન સાગરદાણનું ઉત્પાદન થયું હતું. જે વર્તમાન વર્ષ 2021-22 ના વર્ષમાં 99448.156 મેટ્રિક ટન અત્યાર સુધી થવા પામ્યું છે. અને આ હિસાબે 25801.694 મેટ્રિક ટન નો ઉત્પાદન વધારો જે ટકાવારી ના પ્રમાણમાં ગત વર્ષ કરતાં 26 % વધારે થવા પામ્યું છે. જે દૂધસાગર માટે ગૌરવની વાત છે !! **(અહેવાલ : દૂધસાગર પત્રિકા ટીમ)**

**227 બોટલ રક્તદાન સાથે દૂધસાગરના કર્મચારીઓએ શ્વેતક્રાંતિના જનક ડૉ.વર્ગીસ કુરિયન ને કહ્યું**

# જન્મશતક મુબારક : MILKMAN



ગત તા. ૨૬ નવેમ્બર ના રોજ અમૂલના સહસ્થાપક, નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (**NDDB**) અને ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (**IRMA**) ના સ્થાપક અને ગુજરાતની સાથે સમગ્ર ભારત દેશમાં દૂધના ક્ષેત્રે **શ્વેતક્રાંતિ ના જનક** શ્રધ્ધેય ડૉ.વર્ગીસ કુરિયન ના જન્મદિવસને **દૂધદિવસ (NATIONAL MILK DAY)** તરીકે ઉજવવામાં આવે છે. ૨૬ નવેમ્બર ૧૯૨૧ ના રોજ સો વર્ષ પહેલાં એ વખતે કાલિકટ (મદ્રાસ) અને આજ કોઝિકટ (કેરળ) માં જન્મેલાં વંદનીય - પૂજનીય સ્વ.ડૉ.વર્ગીસ કુરિયને ગુજરાતને પોતાનું આજીવન કર્મભૂમિ તરીકે અપનાવ્યું હતું. ૧૯૬૩ માં રેમોન મેગ્સેસે એવોર્ડ, ૧૯૬૫ માં પદ્મશ્રી, ૧૯૬૬ માં પદ્મ ભૂષણ, ૧૯૮૯ માં વર્લ્ડ ફુડ પ્રાઈઝ, ૧૯૯૭ માં ઓર્ડર ઓફ એગ્રીકલ્ચર મેરીટ અને ૧૯૯૯ માં પદ્મ વિભૂષણ થી સન્માન આપવામાં આવ્યું હતું. આ વર્ષે ડૉ.વર્ગીસ કુરિયનનો ૧૦૦ મો જન્મદિવસ હોવાથી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ના કર્મચારીઓએ રક્તદાન થકી આ મહા માનવને પોતાની ભાવાંજલી આપતાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે ૧૨૭ બોટલ - દૂધમોતીસાગર ખાતે ૬૧ બોટલ અને દૂધમાનસાગર ડેરી ખાતે ૩૯ બોટલ આમ કુલ ; ૨૨૭ બોટલ રક્તદાન કરી નેશનલ મિલ્ક ડે ને સાર્થક કર્યો હતો. આ તબક્કે દૂધસાગરના હરિયાણા અને ઉત્તર પ્રદેશ ખાતેના શીતકેન્દ્રો સહિત વિવિધ જગ્યાએ ડૉ.કુરિયન સાહેબના યોગદાનને યાદ કરી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ તબક્કે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના સભ્યો અને સંસ્થાના MD શ્રી.ધીરજ કુમારે રક્તદાન કરનાર દૂધસાગરના તમામ કર્મચારીઓને ધન્યવાદ પાઠવ્યા હતા.

# HAPPY BIRTHDAY : ડૉ.વર્ગીસ કુરિયન







**નેશનલ મિલ્ક -ડે** એટલે ગુજરાતની સાથે સમગ્ર ભારતમાં દૂધની શ્વેતક્રાંતિ ના જનક એવા ડૉ.વર્ગીસ કુરિયનનો જન્મ દિવસ !! ૨૬ નવેમ્બર ૧૯૨૧ ના રોજ ૧૦૦ વર્ષ અગાઉ જન્મેલા આ મહામાનવ ને યાદ કરતાં ૨૫ નવેમ્બર અને મિલ્ક ડે અગાઉની પૂર્વ સંધ્યાએ દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) ના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર (ED) શ્રી.એમ.અન્ના દૂરાઈ તથા DGM અંશુ મુદગીલ સાથે નિયામક મંડળના તમામ સભ્યોશ્રી સાથે કેક કાપી શ્વેતક્રાંતિના જનકને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. આ તબક્કે ડૉ.કુરીયન સાહેબના દૂધના ક્ષેત્રમાં આપેલા મહાન યોગદાનોને યાદ કરી તેમના હાથે રોપાયેલી અમૂલને વૈશ્વિક ઉંચાઈઓ બક્ષવા દૂધસાગર પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપશે તેમ જણાવતાં ચેરમેનશ્રીએ IOC ના અધિકારીઓ સાથે સહકારી ક્ષેત્રમાં બદલાતા યુગ સાથે કેવા પરિવર્તનો કરવા જોઈએ ? તેમજ, દૂધસાગરના સભાસદોને આ સંસ્થા વધુમાં વધુ લાભ આપી શકે અને એ રીતે મિલ્કમેન ડૉ.કુરીયન પ્રત્યે નો આદરભાવ પ્રગટ કરી શકાય તે અંગે સમગ્ર નિયામક મંડળ સહિત IOC ના અધિકારીઓએ પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરી વિચાર વિમર્શ કર્યો હતો. **(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

# સેક્સ્ડ સિમેન ડોઝ નો ઉપયોગ ગામના તમામ પશુઓ ઉપર કરવાનો ઠરાવ કરી નવો ચીલો ચાતર્યો

SAGAR X
પાડી / વાછરડી જ જન્મે તેવી સેક્સ્ડ સીમેન ડોઝ

(અહેવાલ: દૂધસાગર પત્રિકા)

ગાંધીનગર જિલ્લાના ચરાડા ગામની "દૂધ વર્ષા" શ્રી ચરાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ના હોદ્દેદારોએ મહેસાણા જિલ્લા સહકારી સંઘ દ્વારા નવીન ટેક્નોલોજીથી તૈયાર થયેલ સેક્સ્ડ સોર્ટીંગ સિમેન ડોઝના વપરાશથી થતા લાભાલાભ જાણ્યા પછી મંડળીની તા.૧૦/૧૦/૨૦૨૧ ની કારોબારીની બેઠકમાં ગામના તમામ પશુઓમાં આ પ્રકારના ડોઝ વાપરવાનું સર્વાનુમતિ થી સ્વીકારી તે અંગેનો ઠરાવ કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે.

દૂધસાગર ડેરીને લખેલા ચરાડા દૂધ મંડળીના પત્રમાં સંસ્થાના મંત્રીશ્રી એ જણાવ્યું છે કે; મહેસામા દૂધ સંઘ દ્વારા સબસીડી આપી વર્તમાનમાં પ્રત્યેક ડોઝ ઉપર ૫૦ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે જે આવકાર દાયક છે અને દૂધસંઘના આ નિર્ણયને આવકારતાં ચરાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી પોતાના કાર્યક્ષેત્રમાં આવતા તમામ પશુઓમાં આ ડોઝ વાપરી ઉત્તમ ફિમેલ પશુ મેળવવાની દિશામાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવશે.

## દૂધસાગરની MIDFT ના પ્રોફેસર ડૉ.દિપક મુદગીલનો વિશ્વના ટોચના ૨% વૈજ્ઞાનિકો માં સમાવેશ



દૂધસાગર ડેરી સંચાલિત માનસિંહભાઈ ઈન્ટિટ્યુટના પ્રોફેસર ડૉ.દિપક મુદગીલે પોતાના અનેક રિસર્ચ થકી ૨૦૨૦ માટે વિશ્વના ટોચના ૨% વૈજ્ઞાનિકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ફૂડ સાયન્સમાં વિશ્વમાં તેમણે ૨૫૬ અને ભારતમાં ૭ મો ક્રમ મેળવ્યો છે.

# આપણી સાગર હવે DIGITAL દૂધસાગર




**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ માં વહિવટના સૂત્રો બદલાયા બાદ સમગ્ર નિયામક મંડળ આ સંસ્થા બદલાયેલા યુગમાં - પોતાનો બદલાવ કેવી રીતે કરી શકે ? તેનું મનોમંથન પ્રથમ દિવસથી ચાલી રહ્યું છે. દૂધસાગર ડેરી ગામડાઓ સાથે - ગામડાના પશુપાલકો સાથે જોડાયેલી હોવાથી પશુપાલક સમાજના પરિવારજનો અને ખાસ કરીને મહિલાઓ **નવા યુગની નવી ટેક્નોલોજીથી** વાકેફ થાય તે દિશામાં પ્રયત્નશીલ બની છે. તાજેતરમાં **SAP** (સેપ ઈન્ડિયા સોફ્ટવેર કંપની), **NASSCOM** (નેશનલ એશોસીએશન ઓફ સોફ્ટવેર & સર્વિસ કંપનીઝ) તથા **AMUL** ના સૌજન્યથી તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર શિક્ષણની આધુનિક સુવિધાઓથી **240 લેપટોપ** અને **GPS** તથા **CCTV કેમેરા** થી સુસજ્જ બે વાન (જ્ઞાનરથ) ને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી તથા સંસ્થાના MD શ્રી.ધીરજ કુમાર, અધિકારીશ્રી. પ્રવિણભાઈ બાંભી અને નિયામક મંડળના સભ્યશ્રી દિલીપભાઈ, શ્રી. યોગેશભાઈ , શ્રી.કનુભાઈ, શ્રી.સરદારભાઈ, શ્રી.એલ.કે પટેલ, શ્રી.રમેશભાઈ દેસાઈ, શ્રી.દશરથભાઈ જોષી, શ્રી.કમલેશભાઈ પટેલ તથા શ્રી.શકતાભાઈ ભરવાડ સાથે રાયમલભાઈ દેસાઈ સાથે દૂરડાના ડિરેક્ટર શ્રી.બાબુભાઈ ચૌધરીએ લીલી ઝંડી આપી શૈક્ષણિક યજ્ઞના ઉમદા કામને શુકનવંતી શરૂઆત કરાવી હતી. આ અંગે પ્રકાશ પાડતાં સંસ્થાના મેનેજર શ્રી.અશ્વિનભાઈ દૂધસાગર પત્રિકાને જણાવતાં કહે છે કે ; આ પ્રોજેક્ટ આગામી ત્રણ વર્ષ સુધી ચાલવાનો છે. હાલમાં, અમો પાંચ ગામથી આ શિક્ષણની શરૂઆત કરી રહ્યા છીએ. દરેક ગામમાં ૮૦૦ વ્યકિતઓ પૈકી ૧૮૦ પશુપાલકોના દિકરા-દિકરીઓ અને ૩૨૦ મહિલાઓ તથા યુવતીઓનો સમાવેશ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પશુપાલકોના બાળકો, મહિલાઓ અને યુવાનોને ડિજીટલ એજ્યુકેશન પુરુ પાડવામાં આવશે. હાલમાં બધા જ આર્થિક વ્યવહારો ઓનલાઈન પધ્ધતિથી થઈ રહ્યા છે. ત્યારે, ગામડાના રહિશો માટે ઈન્ટરનેટ શિક્ષણ, અંગ્રેજી શિક્ષણ, જીવન કૌશલ્ય, પર્યાવરણ જાગૃતિ સહિત સ્વાસ્થ્ય અને રોજગાર લક્ષી શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજ થી દૂધસાગર ડેરીના દરવાજે થી શરૂ થયેલા આ અભિયાનમાં બે અધતન વાન મુકવામાં આવી છે. જેમાં એક વાનમાં ૧૨૦ લેપટોપ, વાઈફાઈ રાઉટર, જી.પી.એસ કેમેરા, પ્રિન્ટર અને જનરેટર તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. દરેક ગામમાં ૧-કોમ્પ્યુટર ટીચર, ૧-અંગ્રેજી શિક્ષક, ૧-કોમ્યુનિટી ટીચર અને ૧-સમાજસેવક ઉપસ્થિત રહી પ્રોજેક્ટમાં કુલ ૨૦ કર્મચારીઓ ફરજ નિભાવશે.

## દૂધસાગરના MD શ્રી.ધીરજ કુમારની અધ્યક્ષતામાં જગુદણ ખાતે પ્રમાણપત્ર એનાયત થયાં

### સંસ્થાના ED શ્રી.પ્રવિણકુમાર બાંભી ઉપસ્થિત રહ્યા



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ના કાર્યક્ષેત્રમાં આવતી દૂધ મંડળીઓના લાખો પશુપાલક સભાસદોને નિષ્ણાંત બીજદાન કર્મચારી ઘર આંગણે ઉપલબ્ધ રહે તે માટે દૂધસાગર દ્વારા એક તાલીમ કેન્દ્ર જગુદણ ખાતે સ્થાપીત કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રમાં પશુપાલકોના સંતાનોને નજીવી રકમથી વૈજ્ઞાનિક ઢબે કૃત્રિમ બીજદાન અંગેની તાલીમ અપાતી હોય છે. ગત - તા.૨૯ નવેમ્બર ના રોજ દૂધસાગર ડેરીના MD શ્રી.ધીરજ કુમાર અને ED શ્રી. પ્રવિણકુમાર બાંભી ના હસ્તે જગુદણ કૃત્રિમ બીજદાન કર્મચારીની બેચ નં.પ૨ ના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરીત કરવામાં આવ્યા. આ પ્રસંગે જગુદણ તાલીમ કેન્દ્રના ડૉ.બી.એમ પટેલ, ડૉ.એમ. એ ચૌધરી, ડૉ.કે.એચ પટેલ અને ડૉ. એમ.ડી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## અમૂલ અને દૂધસાગર સંકલિત "દિવા પ્રોગ્રામ" નું

## ગાંધીનગર જિલ્લાના પુંધરા ખાતે આયોજન




**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ પુંધરા ગામ ખાતે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી. અને દૂધસાગર ડેરીના સહયોગથી "દિવા-પ્રોગ્રામ" નું આયોજન કરવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરીના ડિરેક્ટર શ્રી. યોગેશભાઈ પટેલ ના અધ્યક્ષ પદે આયોજીત આ કાર્યક્રમમાં રમણભાઈ પટેલ તથા જિલ્લા પંચાયત ગાંધીનગરના બાંધકામ સમિતીના ચેરમેન કલ્પેશભાઈ પટેલ સહિત દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગના વડા શ્રી.આર.બી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.દૂધમંડળી - દૂધ ઉત્પાદક સંકલિત વિકાસ આયોજન કાર્યક્રમ (દિવા) અંતર્ગત ગામડાઓમાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલનને પ્રોત્સાહન મળે તે માટે આયોજીત કરવામાં આવે છે. ત્રણ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં પશુનિષ્ણાતો છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધથી પશુપાલકોને વાકેફ કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે પ્રેરિત કરે છે.

# સ્વસ્થ પશુ : સમૃદ્ધ પશુપાલક

(ભાગ : ૨)



## કરો આ દેશી ઉપચાર ...ગાય ભેંસ ની તબિયત રહેશે ખુશહાલ

### દૂધનો પારહો મુકવા માટે

**સામગ્રી :**

(૧) એક કિલો ખાંડ (૨) ૧૦૦ ગ્રામ ફટકડી (૩) ૧૦૦ ગ્રામ કાળી જીરી (૪) ૧૦૦ ગ્રામ ખસ-ખસ (૫) ૧૦૦ ગ્રામ સંચર (૬) ૧૦૦ ગ્રામ ખાવાના સોડા (૭) ૧૦ નંગ જાયફળ

**બનાવવાની રીત :**

આ મિશ્રણનો પાવડર બનાવી સવારે સાંજે આશરે ૫૦ ગ્રામ પશુને દોહ્યાના અડધા કલાક અગાઉ આપવું અને આ પ્રમાણે ઓછા માં ઓછા દશ દિવસ સુધી આ ઉપચાર કરવાથી સચોટ પરિણામ મળે છે.

### પશુઓને થતા ઝાડા માટે

**સામગ્રી :**

(૧) કાળા મરી ૧૦ ગ્રામ (૨) મેથી ૧૦ ગ્રામ (૩) જીરૂ ૧૦ ગ્રામ (૪) ખસ ખસ ૫ ગ્રામ (૫) હળદર ૧૦ ગ્રામ (૬) હિંગ ૫ ગ્રામ (૭) લસણ ૩ કળી (૮) નાની સાઈઝની ડુંગળી ૧ નંગ (૯) એક મુઠ્ઠી મીઠાં લીમડાના પાન (૧૦) ગોળ ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

(૧) પ્રથમ મેથીને શેકી નાખો અને તેમાં ત્યારબાદ કાળા મરી શેકો અને ત્યારબાદ જીરૂ નાખી શેકો હવે, તેમાં એક સાથે હિંગ, હળદર તથા ખસ-ખસ શેકો આ પ્રમાણે ક્રમમાં શેકવાથી કશું બળશે નહીં. આ પ્રક્રિયા દરમ્યાન ધુમાડો નીકળે ત્યારે તેને નીચે ઉતારી પાણીની છાંટ મારી આ મિશ્રણને ઠંડુ કરી નાખો.

(૨) ઉપરના શેકેલા મિશ્રણને મિક્ષર મશીનમાં જીણો ભૂકો કરી નાખો

(૩) હવે ; ડુંગળી, લસણ અને મીઠાં લીમડાના પાન તથા ગોળ નાખી મિક્ષર મશીનમાં પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) આ મિશ્રણ (પેસ્ટ)ની નાની-નાની લાડુડીઓ બનાવો.

(૨) લાડુડીને સહેજ મીઠા વાળી કરી બે ભાગમાં સવારે અને સાંજે ખવડાવો.

(૩) જરૂર પડે તો બીજા દિવસે આ પ્રકારે નવી લાડુડીઓ બનાવી પશુને ખવડાવો.

(૪) જુના કેસમાં ૩ થી ૪ દિવસ સુધી આ ઉપાય કરવો પડે છે.

### પશુને તાવ આવે તો ...

**સામગ્રી :**

(૧) લસણ ૨ કળી (૨) ધાણા ૧૦ ગ્રામ (૩) જીરૂ ૧૦ ગ્રામ (૪) ડામરના પાન એક મુઠ્ઠી (૫) તમાલપત્રના સુકા પાન ૧૦ ગ્રામ (૬) કાળા મરી ૧૦ ગ્રામ (૭) નાગરવેલના પાન : ૫ નંગ (૮) નાની ડુંગળી ૨ નંગ (૯) હળદર ૧૦ ગ્રામ (૧૦) કરીયાતું પાવડર ૨૦ ગ્રામ (૧૧) તુલસી પાન એક મુઠ્ઠી (૧૨) લીમડાના પાન એક મુઠ્ઠી (૧૩) ગોળ ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

જીરૂ, કાળા મરી અને ધાણાને પાણીમાં આશરે ૧૫ મિનીટ પલાળી રાખો ત્યારબાદ, બધી સામગ્રીને એક સાથે મિક્ષરમાં નાખી પેસ્ટ બનાવો

**ઉપયોગ કરવાની રીત :**

તૈયાર થયેલી આ પેસ્ટને પશુનું મોઢુ ખોલી જીભ બહાર ખેંચી ઉપરના તાળવે લગાડો. દિવસમાં બે વાર આ પ્રમાણે આ દવા આપવાથી ખૂબ સરસ ફાયદો થશે.

### ખરવા-મોવાસા-મોઢાના છાલાનો ઉપાય

**સામગ્રી :**

(૧) જીરૂ ૧૦ ગ્રામ (૨) મેથી ૧૦ ગ્રામ (૩) કાળામરી ૧૦ ગ્રામ (૪) હળદર ૧૦ ગ્રામ (૫) લસણ ૩ થી ૪ કળી (૬) નાળીયેર ૧ નંગ (૭) ગોળ ૧૨૦ ગ્રામ

**બનાવવાની રીત :**

(૧) જીરૂ, મેથી અને કાળામરી ને પાણીમાં ૨૦ થી ૩૦ મિનીટ પલાળી રાખો

(૨) બધી જ સામગ્રીને હળદર અને લસણ ઉમેરી મિક્ષર મશીનમાં અથવા પથ્થર ઉપર લસોટીને મલમ બનાવો

(૩) મલમમાં એક આખું છીણેલું નાળીયેર (શ્રીફળ) નાખી બરાબર મિક્ષ કરો.

(૪) દરેક વખતે નવો મલમ બનાવવો જરૂરી છે.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) આ મલમને પશુના મોંઢામાં તથા જીભ અને તાળવા ઉપર હળવા હાથે છાલા પડેલ હોય તેના ઉપર લગાવો.

(૨) આ મલમ દિવસમાં ત્રણ વખત અને એ રીતે ૩ થી ૫ દિવસ સુધી લગાવતાં રહેવું.

### ખરવા-ખરીમાં છાલા /ચાંદાનો ઉપાય

**સામગ્રી :**

(૧) વીંછી કાંટો / દદણોના પાન એક મુઠ્ઠી (૨) લસણ ૧૦ કળી (૩) લીમડાના પાન ૧ મુઠ્ઠી (૪) નાળીયેર અથવા તલનું તેલ ૨૫૦ મિ.લી (૫) હળદર ૨૦ ગ્રામ (૬) મહેંદીનાં પાન એક મુઠ્ઠી (૭) સીતાફળ પાન ૧ મુઠ્ઠી

**બનાવવાની રીત :**

(૧)ઉપરોક્ત તમામ સામગ્રીને મિક્ષર મશીનમાં સારી રીતે મિક્ષ કરી નાખો

(૨) મિક્ષ થયેલા આ મિશ્રણમાં નાળીયેર અથવા તલનું તેલ ઉમેરીને પ્રથમ તેને ગરમ કરીને બાદમાં ઠંડુ પડવા દો અને છેલ્લે સુતરાઉ કપડાથી ગાળી લો.


**ઉપયોગ કરવાની રીત :**

(૧) આ મિશ્રણને ઘાવ ઉપર સીધું જ લગાવો અથવા આ મિશ્રણમાં સ્વચ્છ સુતરાઉ કપડું પલાળી પશુને પાટો બાંધો.

(૨) જો ઘાવ માં કીડા પડેલા હોય તો પહેલા દિવસે જ સીતાફળના પાનનો મલમ અથવા કપુરની ગોટી તેલમાં ગરમ કરી -ઓગાળી અને તેનું રૂનું પોતુ ઘાવ ઉપર દબાવીને પ્રથમ કીડા મરવા દો ત્યારબાદ ઉપર પ્રમાણે પાટો બાંધો.

ઉપરોક્ત તમામ દેશી ઉપચારો આપણા પશુઓને - ઓછા ખર્ચે, ઘરબેઠાં આવી પડતી બિમારી સામે રક્ષણ આપે છે. અમો દૂધસાગર પત્રિકાના લેખકો દૂધસાગર ડેરીના નિષ્ણાંત પશુ ચિકીત્સકો પાસેથી આ માહિતી મેળવી અમારા વાંચકો સમક્ષ મુકી રહ્યા છીએ. આ બાબતે પ્રકાશ પાડતાં દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગના ડૉક્ટરો જણાવે છે કે; પશુપાલનના સદીઓ જુના આ વ્યવસાય થી જોડાયેલા અનુભવી પશુપાલકોના સદીઓ જુના વંશ-પરંપરાગત આ ઉપાયો નું પરિણામ સચોટ અને જલદીથી મળતું હોવાથી રોગના લક્ષણ દેખાય તે વખતે આ ઉપાય કરવા જોઈએ પરંતુ, પશુઓની માંદગીની ગંભીર સ્થિતીમાં નિષ્ણાંત ડૉક્ટરોના અભિપ્રાયને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ. આપ દૂધસાગરના પરિવારના પશુપાલક સભ્ય છો અને આપની સાથે સતત ઉભા રહેવાની અમારી નેમ છે ત્યારે, પશુની ગંભીર બિમારી અંગે આપ મહેસાણા દૂધસાગરના વેટરનરી વિભાગનો સંપર્ક કરી શકો છો.

વધુ દૂધસાગર પત્રિકાના આવતા અંકમાં



**અશોક ચૌધરી (ચેરમેન)**
**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ પરિવાર**

મિલ્ક દિવસનું એક મનોમંથન ...

## કોઈપણ સહકારી સંસ્થાની સફળતા એના બોર્ડ ના સભ્યોની જાગૃતિ ઉપર આધાર રાખે છે

સહકારી ક્ષેત્રના વિશાળ આકાશને ડૉ.કુરીયન સાહેબના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને વિચારીએ તો સહકારી સંસ્થાઓની સફળતા અને બોર્ડના સભ્યોની સક્રિયતા એ સિક્કાની બે બાજુ સમાન છે. કોઈપણ સહકારી સંસ્થા તે ગ્રામ કક્ષાએ હોય કે રાષ્ટ્રીય લેવલની હોય તેના બોર્ડ સભ્યની ઉમદા છાપ, નિષ્કામ સેવા, પારદર્શક વહીવટ અને સક્રિયતા જ તેની સફળતાનો આધારસ્તંભ હોય છે.

આજે જ્યારે સહકારી પ્રવૃત્તિ ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશની આર્થિક કરોડરજ્જુ સમાન ઊભરી છે, અને દેશની આઝાદી પહેલાથી કાર્યરત સહકારી પ્રવૃત્તિ આજે તેની સફળતાની ટોચ પર છે ત્યારે એવી સંસ્થાઓના મુખ્ય સંચાલકો અને સ્થાપક પ્રમુખોની નિષ્કામ સેવા અને સમાજ તથા સંસ્થા પ્રત્યેનો સમર્પણ ભાવની નોંધ સમગ્ર રાષ્ટ્રએ લેવી જોઈએ.

આપણી સમક્ષ અમૂલ, ઈફ્કો અને ક્રૃભકો જેવા દેશ અને દુનિયામાં નામના ધરાવનાર સહકારી એકમો છે. તેમના સ્થાપક પ્રમુખો અને સંચાલક મંડળના સભ્યોની મૂલ્યનિષ્ઠા અને વહીવટી નિષ્ઠાથી જ આ સંસ્થાઓએ આજે પણ વૈશ્વિક નામના અને પ્રતિષ્ઠા ઊભી કરી છે. દેશના ખૂણે-ખૂણા સુધીના લોકોને અને ખેડૂતોને તેનો લાભ મળે છે. કોર્પોરેટ જગત માટે પણ આ સહકારી સંસ્થાઓ દૃષ્ટાંત રૂપ બની છે! આપણે સૌ સહકારી કાર્યકરો માટે તે ગૌરવરૂપ બાબત છે.

મિલ્કમેન ડૉ.વર્ગિસ કુરિયન, ત્રિભોવન પટેલ, ભાવનગરના પનોતા પુત્ર વૈકુંઠ મહેતા અને પોરબંદરના મહારાજા ઉદયભાણસિંહજી તથા માનસિંહભાઈ ચૌધરી ના નામો ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાયેલા છે. તેમની જીવનયાત્રા અને કાર્યશૈલીનો અભ્યાસ સહકારી સંસ્થાઓમાં હાલમાં કાર્યરત યુવા પેઢી સુધી પહોંચાડવો જોઈએ. ઉપરોક્ત આપણા આ રાષ્ટ્રીય સહકારી આગેવાનોએ તેમનો સહકારિતા પ્રત્યેનો સમર્પણ ભાવ અને નિષ્કામ વહીવટથી જ સંસ્થાઓને દૃષ્ટાંતરૂપી વિકસાવી અને જન-જનના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. દેશના વિકાસનો એક યુગ તેમની આ પ્રવૃત્તિમાંથી પસાર થાય છે તેમ કહેવું અતિશ્યોક્તિ ભર્યું નથી.

સભાસદોમાં વિશ્વાસ ઊભો કરવા અને સહકારી સંસ્થાને સમૃધ્ધ કરવામાં તેના હોદ્દેદારો અને દરેક બોર્ડ મેમ્બરોની ભૂમિકા અને સક્રિયતા બહુ મહત્વની હોય છે. દરેક બોર્ડ સભ્યો સંસ્થાના સુચારું સંચાલન અને સફળતા માટે જાગૃત રહે તે માટે તેનામાં નીચે મુજબની લાક્ષણિકતાઓ અને સદગુણો હોવા જોઈએ તેવું મારું માનવું છે.

**સંસ્થા પ્રત્યે - તેના ઝીણામાં ઝીણી બાબત પ્રત્યે અભ્યાસુ રહેવું જોઈએ અને જરૂર પડે તો નાના માણસ પાસેથી પણ શીખવામાં શરમ ન અનુભવવી જોઈએ :**

સહકારી સંસ્થાઓનો વહીવટ કરનાર તેના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો નવું શિખવાના શોખીન હોવા જોઈએ જેથી સંસ્થાના વહીવટ માટે આવી રહેલ નવી ટેક્નોલોજી વિશે જ્ઞાન મેળવી શકે. પોતાની સંસ્થાના પ્રગતિ અને વિકાસ માટે નવી-નવી તાલીમ લેવા માટે પણ હંમેશા તત્પર રહેવા જોઈએ.

**સ્વહિતથી મોટું સભાસદહિત :**

ભારત અને ખાસ કરીને ગુજરાતનું સહકારી માળખું એના સ્થાપકોના પૂણ્ય પ્રતાપે વિશ્વ નામાંકિત બન્યું છે ત્યારે સભાસદોને પોતાની સહકારી સંસ્થા ઉપરનો વિશ્વાસ અકબંધ રહે તેવો અભિગમ અપનાવવો એ વહિવટદારોની પ્રથમ ફરજ બને છે. સહકારી ક્ષેત્રમાં સ્વહિતથી મોટું સભાસદ હિત એજ એક ગુરુ મંત્ર હોવો જોઈએ. સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર એ સીધે-સીધો વિશ્વાસઘાત ગણાઈ શકાય ત્યારે સહકારી ક્ષેત્રને પોતાની કર્મભૂમિ બનાવનાર આપણે સૌએ આ બાબત સ્વિકારવી પડશે.

**સ્વચ્છ અને પારદર્શક વહીવટ :**

બોર્ડના સભ્યો સહકારી સંસ્થામાં પારદર્શક અને ભ્રષ્ટાચાર વિહિન સંચાલન ના આગ્રહી હોવા જોઈએ. તેના માટે દરેક બોર્ડ સભ્યોએ જાગૃત રહેવું જોઈએ.

**દૃષ્ટિ અને વિઝન :**

દાયકાઓ જૂની સહકારી સંસ્થાઓ આજે પણ અવિરત વિકાસના પંથે છે. આપણા રાજ્યના ફેડરેશનો જેવા કે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, ગ્રઈન ગ્રોવર્સ ફેડરેશન, ગુજરાત હેન્ડલુમ હેન્ડિક્રાફ્ટ ફેડરેશનના અહેવાલો દર્શાવે છે કે દિન-પ્રતિદિન નફો વધ્યો છે. નફાની વહેંચણી સભાસદ મંડળીઓને ડિવિડન્ડ અને ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. તેમના પ્રમુખો અને બોર્ડ સભ્યોની દીર્ઘ દૃષ્ટિ અને વિઝનરી સંચાલનના આ ઉત્તમ ઉદાહરણો છે જેને દરેકે અપનાવવા જોઈએ.

**કાયદા વિશેનું જ્ઞાન :**

સહકારી સંસ્થાઓમાં સરકારી દખલગીરી અને વિઘ્નસંતોષી વ્યક્તિઓ દ્વારા ઉત્પન્ન થતી કનડગતનો સામનો કરવા અને તેની ખરાબ અસરો સંસ્થાના વિકાસમાં અવરોધરૂપ ન બને તે માટે હોય કે ક્યારેક પેટાકાયદો સુધારવાની જરૂરીયાત ઊભી થઈ હોય ત્યારે સહકારી કાયદો અને છેલ્લામાં છેલ્લા સુધારાનું જ્ઞાન બોર્ડના સભ્યોએ રાખવો જોઈએ તેનો હું આગ્રહી છું.

**સંસ્થા પ્રત્યે સમર્પણભાવ :**

સહકારી સંસ્થાઓમાં સભાસદો અને તેની સાથે સંકળાયેલ સંગઠનોનો વિશ્વાસ ટકાવી રાખવા માટે સંસ્થાના હોદ્દેદારોનો સમર્પણભાવ બહુ જરૂરી છે. સમર્પિત વ્યક્તિઓ જ સંસ્થાને સફળ બનાવે છે અને હરિફાઈના આ યુગમાં ટકાવી રાખે છે.

**રાજકીય દાવપેચ કે જ્ઞાતિવાદ વિહીન સંચાલન :**

દરેક બોર્ડ સભ્યો અને હોદ્દેદારો પોતાની સંસ્થાને રાજકારણ, પક્ષાપક્ષી અને જ્ઞાતિવાદથી દુર રાખે તે સંસ્થાના હિત માટે બહુ જરૂરી છે અને તો જ સહકારી પ્રવૃત્તિ અલગ રીતે દીપી ઊઠશે.

**સમાજ પ્રત્યેનું ઉત્તરદાયીત્વ :**

હંમેશા સહકારી સંસ્થાઓના હોદ્દેદારો, બોર્ડ મેમ્બરો સંસ્થાના અને સભાસદોના હિતમાં ક્યારે અને કેવાં પગલાં લેતા હોય છે તેનું અને બોર્ડના દરેક સભ્યોની વહીવટી બાબતમાં તેની સક્રિયતાથી સંસ્થા સમૃધ્ધ બનેલી છે તેની નોંધ સમાજમાં લેવાતી જ હોય છે. આવા વ્યક્તિઓ નવી પેઢી માટે માઈલ સ્ટોન બનતા હોય છે.

હાલમાં રાષ્ટ્ર અને સમગ્ર દુનિયા કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે. છતાં પણ સહકાર પ્રવૃત્તિઓમાં ઓટ નથી આવી, સમાજ પ્રત્યેનું ઉત્તરદાયીત્વ દરેક સહકારી સંસ્થાના બોર્ડ ઓફ મેનેજમેન્ટે બરાબર નીભાવ્યું. પછી એ સરકાર હોય કે સમાજ દરેકની અપેક્ષા મુજબની સેવાઓ પુરી પાડવામાં સહકારી આગેવાનો ખૂબ સક્રિય રહ્યા છે.

આવી જ રીતે સહકારી સંસ્થાઓ સફળ થાય સમાજના અને દેશના હિતમાં આપણે સૌ શુભ નિષ્ઠાથી કાર્ય કરીએ તે જ સાચી સક્રિયતા....

**જય હિન્દ - જય સહકાર !!**

**શાસનમાં ધાક અને વ્યવહારમાં શાખ જરૂરી છે**

# દૂધસાગરમાં હવે આરોગ્યના નિયમો ભંગ કરવા ભારે પડશે



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી)માં સત્તા પરિવર્તન બાદ માત્ર કોન્ટ્રાક્ટ, પગાર અને કામચોરી પ્રત્યેજ પારદર્શિતા નથી રખાતી પરંતુ, દૂધસાગર ડેરીની વિવિધ પ્રોડક્ટસ જનતા સુધી પહોંચે ત્યાં સુધી આરોગ્યના તમામ નિયમોનું શત-પ્રતિશત પાલન થાય તે દિશામાં પણ કડક હાથે કામ લેવાઈ રહ્યું છે. દૂધ સાગરમાં કામ કરવા આવતા કર્મચારીઓ તેમજ મુલાકાતીઓનું ડેરીના દરવાજે સંપૂર્ણ ચેકીંગ કરવામાં આવે છે. હંગામી કે કાયમી ધોરણે કામ કરતા કર્મચારીઓ માટે હવે સમયાંતરે દાઢી-બાલ કપાવવા ફરજીયાત કરી દેવામાં આવ્યા છે. પોતાના કામના કલાકો દરમ્યાન કર્મચારી પોતાનો સમય ના વેડફે તે માટે મોબાઈલ પણ મુકાવી દેવામાં આવી રહ્યા છે. તો પાન-મસાલા ગુટખા કે બીડી જેવા પદાર્થો પકડાય તો ૧૦૦૦ રૂપિયા દંડની જોગવાઈ કરવામાં આવી છે અને તમામે તમામ નિયમોનું ડેરીની સિક્યુરીટી ટીમ કડક હાથે પાલન કરાવી આવનાર સમયમાં તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓમાં આ અંગે સંપૂર્ણ જાગૃતિ કેળવાય તે દિશામાં નક્કર કામગીરી થઈ રહી છે.

# સાવધાની એજ સુરક્ષા

**વર્ષોબાદ દૂધસાગરમાં કાયમી અને હંગામી કર્મચારીઓ માટે સુરક્ષા ટ્રેઈનીંગ કેમ્પનું આયોજન શરૂ**



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત ૧૫ સપ્ટેમ્બર ના રોજથી દૂધસાગર ડેરીમાં દરેક માસની ૧૫ અને ૩૦ તારીખ ના રોજ દૂધસાગર ડેરીમાં કામ કરતાં તમામ કામદારો, તમામ શિતકેન્દ્રો, આ ડેરી સંચાલિત બન્ને કેટલફીડ પ્લાન્ટમાં કામ કરતાં કાયમી તથા હંગામી કર્મચારીઓ અને ઓપરેટરો સહિત તમામ માટે સુરક્ષા ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દૂધસાગર ડેરીના સેફ્ટી ઓફિસર શ્રી.દિપક દેસાઈ ના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ગત ૧૬ નવેમ્બરના છેલ્લા આંકડા પ્રમાણે દૂધસાગર ડેરીની ૫ બેચને ફાયર, એમોનીયા અને જનરલ ટ્રેનિંગ પૂર્ણ કરી દેવામાં આવી છે જેમાં દૂધસાગર સાથે જોડાયેલા વિવિધ વિભાગોના ૧૭૫ વ્યક્તિઓ ભાગ લઈ ચૂક્યા છે. આ ટ્રેનિંગ ક્લાસ દરમ્યાન આગ લાગવાના કારણો-આગ બૂઝાવવાના ઉપાયો-ફાયરના સાધનોનો ઉપયોગ કેમ કરવો-આગ ન લાગે તે માટે શું કરવું ? - એમોનિયા ગેસ લીકેઝ વખતે તકેદારીના ક્યા પગલાં લેવા તથા અસુરક્ષિત કાર્ય અને અ સુરક્ષિત કાર્ય પધ્ધતિને શોધી **ઝીરો અકસ્માત પોલીસી** અપનાવી જાન-માલનું નુકશાન અટકાવવાના તમામ વૈજ્ઞાનિક આયામો પ્રેક્ટિકલ અને થીયરીકલ રીતે શીખવવામાં આવે છે. તાલીમના અંતે તાલીમાર્થીની પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવે છે અને તેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવાનું પણ સૂચન સંસ્થાના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ આપ્યું છે.

# ભાવ અને ભક્તિથી ભરપૂર : દૂધસાગરની દિપાવલી







(તસ્વીર : દૂધસાગર પત્રિકા)

સંવત ૨૦૭૮ ની શુભ શરૂઆત પહેલાં જ દિપાવલીના રજાઓના દિવસો અગાઉ જ દૂધસાગરમાં ફરજ નિભાવતી બહેનો તથા ભાઈઓ એ પોત-પોતાના કાર્યક્ષેત્રમાં રંગોળી પૂરી-દિવા પ્રગટાવી લાખો પશુપાલકો ના હિત સાથે સંકળાયેલી આ સંસ્થા ઉપર સતત લક્ષ્મી કૃપા બની રહે અને આ સંસ્થા ઉપર પરમકૃપાળુ પરમાત્મા ના આશીર્વાદ વરસતા રહે અને તેની સુખ-શાંતિ તથા સમૃધ્ધિ બરકરાર રહે અને દશે દિશાઓમાં દૂધસાગરની કિર્તી અને સહકારની સુવાસ પ્રસરે તેવી પ્રાર્થના સાથે સમગ્ર માહોલ દિપાવલીના રંગોથી રંગી નાખ્યો હતો.

# સહકારી મોડલ જ વિકાસને ૧૩૦ કરોડ લોકો સુધી પહોંચાડી શકે : શ્રી. અમિતભાઈ શાહ




**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી.અમિતભાઈ શાહે રવિવારે ગાંધીનગરના ભાટ સ્થિત અમૂલફેડ ડેરીના નવા દૂધ પાવડર પ્લાન્ટ અને પોલિ ફિલ્મ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ; સહકારી મોડલ એ ભારત માટે આદર્શ આર્થિક મોડેલ છે. સહકારી ક્ષેત્ર એજ એક માત્ર એવું મોડલ છે જે વિકાસને ૧૩૦ કરોડ લોકો સુધી લઈ જવા માટે સક્ષમ છે. આ પ્રસંગે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી પોતાના સાથી નિયામક મંડળના સભ્યો તથા દૂધ સાગર ડેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે હાજર રહ્યા હતા અને સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહના વિચારોને મૂર્તિમંત કરવા પોતાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે : અમિતભાઈ શાહ દ્વારા ઉદ્‌ઘાટિત થયેલ પાવડર પ્લાન્ટ ભારતમાં સૌથી મોટો હશે.

# મન મોર બની થનગાટ કરે



**(તમામ તસ્વીરો : દૂધસાગર પત્રિકા)**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે આપણી દૂધ સાગર ડેરી ! દૂધસાગર એટલે એક સંસ્થા માત્ર નથી. અહિં પાટણ-મહેસાણા-ગાંધીનગર જિલ્લાના સાડા છ લાખ લોકોના સપનાંઓ જોડાયેલા છે. આ સંસ્થા એ તો એક તપોભૂમિ છે ! આ સંસ્થા એ તો ભગવાન રામ અને સીતાના હાથે સ્થપાયેલી પંચવટી કક્ષાની છે. દૂધસાગર ડેરી એ તો ગુજરાતનું ઘરેણું કહેવાય !!

ચોમાસું પુરૂ થયું અને શિયાળાના શરૂઆતના દિવસો ચાલી રહ્યા છે. ત્યારે એક તરફ નવા મેનેજમેન્ટથી દૂધસાગરની ચેતના અને પ્રભૂતા ઈશ્વરીય આર્શિવાદ બની ઉતર્યા હોય એમ : મહેસાણા દૂધસાગર ડેરીના પાછળના ભાગે પ્રકૃતિ સોળે કલાએ ખીલીને જાણે કહી રહી હોય કે “સતયુગની શરૂઆત થઈ ચૂકી છે” એક તરફ ચીકુ ના ઝાડ ફળો થી સમૃધ્ધ બની ગયા છે તો બીજી તરફ, દૂધસાગર ડેરી પણ ગત વર્ષ કરતાં દૈનિક ૪ લાખ લિટર વધુ દૂધ મેળવી ધમધમી રહી છે. આ તરફ ગામડાના પશુપાલકો અને દૂધસાગરના કર્મચારીઓ નવા જોશ- ઉમંગ અને ઉત્સાહથી આ દૂધ મંદિરની સેવામાં ઓતપ્રોત બન્યા છે તો બીજી તરફ દૂધસાગરમાં ભર શહેર વચ્ચે પણ સુરક્ષા અને સમૃધ્ધિ અનુભવતા રાષ્ટ્રીય પક્ષી મોર પણ ટહુકાઓ કરી રહ્યા છે. ભગવાન રામ ના જન્મ સમયનું વાતાવરણનું વર્ણન કરતાં તુલસી દાસે લખ્યું છે કે : ધરતી, આકાશ, જળ, અગ્નિ, વાયુ જેવાં પંચ તત્વો મહેરબાન બન્યા હતા. અગ્નિ શિતળ-વાયુ કહ્યાગરો અને દિશાઓ શૂકનવંતી બને ત્યારે માનવું શુભ સમયની શરૂઆત થઈ છે. હાલતો, આપણી ડેરી-સૌની ડેરી એવી દૂધસાગર પ્રકૃતિના પૂર્ણ આર્શિવાદ મેળવી રહી હોય તેવા તમામ સંકેતો હવામાનમાં અને હિસાબમાં વર્તાઈ રહ્યા છે.

## દૂધસાગર પ્રકૃતિના પૂર્ણ આર્શિવાદ મેળવી રહી હોય તેવા તમામ સંકેતો હવામાનમાં અને હિસાબમાં વર્તાઈ રહ્યા છે

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા